## વડીલોને વંદન અભિનંદન



મોહનભાઈ માધવલાલ પટેલ (૧૯૪૧) ફોન: ૨૩૨૧૦૪૭૫



મહિલાબેન એચ. વોરા (૧૯૫૧) ફોન: ૨૩૨૨૪૦૩૪



હરકાંતભાઈ એન. પંડિત (૧૯૩૭) ફોન: ૨૩૨૨૭૪૭૯

# વિશ્વ વન દિવસની ઉજવણીના સમયે પાલનપુરના એગોલા રોડ પરથી લીલા કટીંગ કરેલા વૃક્ષો ભરેલ-ટ્રેક્ટર ઝડપાયું

## રાજ્ય સરકાર દ્વારા વન બચાવો અભિયાન ચલાવાય છે જયારે બનાસકાંઠામાં લીલા વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે

પાલનપુર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા પર્યાવરણ બચાવવા તંત્ર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફળવાય છે. વન બચાવો અભિયાન ચલાવાય છે જયારે પાલનપુર, વડગામ તથા દાંતા તાલુકાના જંગલોના લીલા વૃક્ષોનું નિકંદન કઢાઈ રહ્યું છે. કેટલાક વન અધિકારીઓ તથા કર્મીઓની મીલી ભગતના કારણે વન માફીયાઓ ફુલ્યા ફાલ્યા છે. વડગામનું છાપી લાકડાનું પીઠું બન્યું છે જયારે ઉપરોક તાલુકાના પંથકના જંગલોનું સજીવ લીલું લાકડું કાપીને શો મીલો પર ઠલવાય છે. જાહેર માર્ગો પરથી લાકડા ભરેલા ટ્રેકટરો બે રોકટોક નીકળી રહ્યા છે.



પાલનપુર તાલુકાના એગોલા રોડ પરથી જી.જે. ૨ એલ. ૫૨૬૦ નંબરનું ટ્રેકટર ગત રાત્રીના સુમારે અરડુસીના લીલા કટીંગ કરેલા લાકડા ભરીને પાલનપુર કોઢી વિસ્તારના બેન્સામાં ઠલવાવા જઈ રહ્યું હતું તે દરમિયાન નાયબ મામલતદાર સી.વી. પ્રજાપતિને જાણ કરાતાં તેમણે ટ્રેકટર ઝડપીને જપ્ત કર્યું હતું અને ચાલક પ્રહલાદભાઈ મેવાભાઈ રાવળની અટક કરી કાર્યવાહી હાથ ધરી હતી. અધિકારીઓ એક ટ્રેકટર ઝડપીને સંતોષ માને છે જયારે લીલા લાકડા ખરીદનાર ટાઈગરો સામે શો મીલો સામે કેમ કાર્યવાહી કરાતી નથી? રાજ્ય સરકારની કરોડોની ગ્રાન્ટો આવા લોકોના કારણે વેડફાઈ રહી છે. તંત્ર દ્વારા કડકાઈ દાખવાય તેવી વન પ્રેમીઓની માંગ છે.

**(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**





# હિંમતનગર સિવિલમાં અનલકી બાળકી લકી બની

## લકી બાળકી ૧૩ માતાઓનું દૂધ પીવે છે

હિંમતનગર, તા. ૨૦

કહેવાય છે કે દીકરી એટલે વ્હાલનો દરિયો અને તે કુળ તારે છે ત્યારે આજે એક બાળકી કે જીવન સાથે લડત કરીને એક નહિ પણ ૧૩ માતાઓનો વ્હાલનો દરિયો બની ગઈ છે જોઈએ એક બાળકી કે જેને જન્મતાની સાથે પોતાના પરિજનો ત્યજી દીધી છે.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે આવેલ સર પ્રતાપ સિવિલ હોસ્પિટલમાં સાત દિવસ પહેલા ત્યજી દીધેલી બાળકી મોડાસાના રસુલપુર ગામે મહાકાલી મંદિરના પગથીયા પાસે આ નવજાત શિશુ મળી આવ્યું હતું અને આ બાળકીને મોડાસા પોલીસ પ્રથમ મોડાસાની સાર્વજનિકમાં લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા ત્યારે તેની હાલત ખુબજ ખરાબ હતી પરંતુ સિવિલ સર્જન અને સ્ટાફની મદદથી આ બાળકીને અહી પીપીટી યુનિટમાં સારવાર હેઠળ છે જે બાળકીને ત્યજી દેવામાં આવે ત્યારે તેને પાલનાર કોઈ હોતું નતી પરંતુ અહીં પ્રસુતિ થયેલ ૧૩ માતાઓનો પ્રેમ મળ્યો છે.

ભાગ્યે જ કોઈ બાળક હશે કે જેને ૧૩ માતાઓનું દૂધ પીવા મળ્યું હશે પરંતુ આ ત્યજી દીધેલી બાળકીને એક નહિ પરંતુ તેર તેર માતાનું દૂધ પીવા મળ્યું છે. તેથી આ બાળકી ખુબ નસીબદાર છે. ગુજરાત સરકાર દ્વારા બેટી બચાવો અભિયાન ચલાવવામાં આવે છે ત્યારે આ અભિયાનને નેવે મુકીને આ પ્રકારના માતા પિતા કે જે બાળકીને દુનિયાની કોઈ સમાજ નથી તેને ત્યજી દે છે ત્યારે સરકારે આ અંગે યોગ્ય પગલા લેવા જોઈએ જ્યારે આ બાળકીને એક માતાનું દૂધ નહિ પણ તેર માતાનું દૂધ પીવા મળ્યું છે અને આ અંગે હિંમતનગર સિવિલ સર્જન જયંત ઉપેરીયાએ જણાવેલ કે હિંમતનગર સિવિલમાં કાંગારૂ મધર કેર પદ્ધતિ એ આ બાળકીને હુંફ આપવામાં આવી છે અને સિવિલના ગાયનેક યુનિટમાં પ્રસુતિ થયેલ તેર માતાઓ આ બાળકીને પોતાના બાળકની જેમ સાચવે છે અને સમાજમાં આ એક અલગ પ્રકારનું ઉદ્દ્હારણ પુરુ પાડ્યું છે.

માતા તો બહુ જોવા મળતી હોય છે પરંતુ આવી માતાઓ કે જે પોતાના બાળકની સાથે સાથે એક અનાથ બાળકીને પોતાના બાળક સમાન ઘણીને પ્રેમ આપીને એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. બાળકીનું ભવિષ્ય કેવું હશે તે તો ભગવાન જાણે પણ હાલ તો આ બાળકી નસીબદાર જ છે.

## ભાવનગર શિશુવિહાર સંસ્થાનમાં ૧૮૦૦ કિશોરીઓનો તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ભાવનગર મહાનગર પાલિકાનાં ઘટક-૨ અંતર્ગત વડવા, દાદાનગર, કુંભારવાડા, ચિત્રા પ્રકારના શ્રમિક વિસ્તારમાંથી સંયુકત મહિલા બાળ વિકાસ વિભાગની કિશોરીઓની તાલિમ તારીખ ૪ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન યોજાઈ ગઈ. જેમાં ૧૮૦૦ શ્રમિક બહેનોએ તાલીમ લીધી હતી.

જેમાં કિશોરીઓને ડૉ. જસુબેન જાની તરફથી કિશોરી સ્વાસ્થ્ય તેમજ રેખાબેન વ્યાસ તરફથી પપેટસના માધ્યમથી પોષક આહાર તેમજ મહિપતભાઈ પરમાર દ્વારા ગૃહ વિજ્ઞાન, હસ્તકલા વિષયે તાલિમ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરનાં મેયર સુરેશભાઈની ઉપસ્થિતિમાં પ્રારંભાયેલ તાલિમ દરમિયાન તમામ બહેનોને શિશુ વિહાર સંસ્થા તરફથી 'બાલ આરોગ્ય સુત્ર' વિષયે સુંદર પુસ્તિકા આપવામાં આવી હતી. આ સમગ્ર તાલિમ વર્ગમાં મહિલાઓને મહાનગરપાલિકાનાં ઘટક-૨ તરફથી નાસ્તો અને વાહન ખર્ચ આપવામાં આવેલ હતું.

# બેરોજગાર યુવાનોને રોજગારી આપવાની જોરદાર માંગ કરાઈ

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં દિવસે દિવસે શિક્ષણ મોંઘુ બની રહ્યુ છે અને શિક્ષીત બેરોજગારીની સંખ્યા વધી રહી છે. વગેરે મુદ્દે સરકારનું ધ્યાન દોરવા માટે આજે એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા અમદવાદમાં ગુજરાત યુનિવર્સિટી રોડ પર દેખાવો યોજવામાં આવ્યા હતા. જેમાં ૧૫૦થી વધુ કાર્યકર્તાઓ અને બેરોજગાર યુવાનોએ જોડાઈ રાજ્યસરકારની નીતિઓ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

રાજ્ય સરકારની તાલીમ અને રોજગાર વિભાગની વેબસાઈટની જ માહિતી મુજબ રાજ્યમાં ૧૦ લાખથી વધુ શિક્ષીત યુવાનો બેરોજગાર છે.

એક તરફી ઉંચી ફીનું પ્રમાણ વધવાથી શિક્ષણ મોંઘુ બની રહ્યુ છે ત્યારે ડિગ્રી મેળવ્યા બાદ



રોજગારી ન મળવાથી રાજ્યના અનેક યુવાનો બેરોજગાર છે એટલુ જ નહીં રાજ્યમાં યુવાનોને સહાયકના નામે ભરતી કરી રાજ્ય સરકાર દ્વારા યુવાનોનું શોષણ કરવામાં આવે છે. ત્યારે રાજયના મુખ્યમંત્રી બહાર રાજ્યમાં કોઈ પણ યુવાન બેરોજગાર ન હોવાનું ચિત્ર ઉપસાવવાની વાતો કરી રહ્યા છે. તેવા આક્ષેપ સાથે આજે અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી રોડ પર એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા દેખાવો યોજવામાં આવ્યા હતા. જેમાં ૧૫૦થી વધુ કાર્યકર્તાઓ ઉપરાંત બેરોજગાર યુવાનોએ જોડાઈને રાજ્યની બહેરી સરકાર સુધી પોતાનો અવાજ પહોચાડવાનો પ્રયત્ન કર્યો હતો.

દરમિયાન યુનિવર્સિટી પોલીસ દ્વારા પોલીસ પરવાનગી સાથે શાંત દેખાવો કરી રહેલા એનએસયુઆઈના બે કાર્યકરોની ધરપકડ કરવામો આવી હતી. જેમને સાંજે છોડી મુકવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ હાલ ભારે નારાજ થયા છે.

### લિકવીફાઈડ નેચરલ ગેસ (પાના નં. ૧ નું ચાલુ)

આપણે પ્રગતિ, વિકાસ અને માનવજાતના કલ્યાણ માટેની યાત્રાના સહયોગીઓ છીએ એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ. જાન્યુઆરી ૨૦૧૩માં સંપન્ન થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં યુકે ઈન્ડિયા બિઝનેસ કાઉન્સીલ અને યુકે ટ્રેડ કમિશને પણ ભાગીદાર બનીને યોગદાન આપ્યું હતુ તેનો ગૌરવસહ ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે બ્રિટન વચ્ચે સંબંધોનો સેતુ મજબુત બનાવ્યો છે. હ્યુગો સ્વાયર બ્રિટન અને ગુજરાત વચ્ચે સહકાર અને સહયોગ માટે પ્રેરક બની રહ્યા છે એમ જણાવી મુખ્યમંત્રીએ જીએસપીસી અને બ્રિટીશ ગેસ વચ્ચેના કરારના આજના અવસરે ઉપસ્તિત રહીને સ્વાયરે પ્રતીતિ કરાવી છે કે બ્રિટન સરકાર ગુજરાત અને બ્રિટીશ સહભાગીતાને કેટલું મહત્વ આપે છે ગુજરાત અને બ્રિટન વચ્ચે સહકારના સંબંધો પ્રમોટ કરવાની આ તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ અને ગુજરાત તથા બ્રિટન વચ્ચે ઔદ્યોગિક વ્યાપારી સંબંધો અને રોકાણનું ફલક વધુ વિસ્તરશે એમ ઉમેર્યું હતું. ગુજરાત ઊર્જા વિકાસ અને પેટ્રોલિયમ એનર્જી ઉદ્યોગના વિકાસ તથા આ ક્ષેત્રોના માનવ સંશાધન વિકાસ માટે ભારતનું એનર્જી હબ બની રહ્યુ છે તેની રૂપરેખા મુખ્યમંત્રીએ આપી હતી. ગુજરાતમાં દેશનું ત્રીજા ભાગનું સૌથી મોટુ ગેસ પાઈપલાઈન નેટવર્ક અને એલએનજી ઈમ્પોર્ટના ૮૦ ટકા કાર્ગો હેન્ડલ કરતા બે એલએનજી ટર્મિનલ છે.

# વિદ્યાર્થીએ ગુડલકમાં મળેલ રકમ કન્યા કેળવણી ફંડમાં જમા કરાવી

ગાંધીનગર, તા.૨૦

'સૌનું જીવન દિવ્ય બને તેવા દિવ્ય આશય માટે દિવ્યને અભિનંદન'. આ પંકિત ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં ચાલુ વર્ષે ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દિવ્ય અશ્વિન ત્રિવેદીને સંબોધીને કરી હતી.



ધોરણ-૧૨ની ચાલુ વર્ષની પરીક્ષા માટે મિત્રો, સ્નેહીઓ અને સગાવ્હાલા દ્વારા ગુડલક તેમજ બેસ્ટલક માટે મળેલી રોકડ રકમ અને પોતાના પોકેટ મનીની રકમ ઉમેરી રૂ. ૨૧,૦૦૦નો ચેક ગત રોજ મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ મળીને કન્યા કેળવણી ફંડમાં જમા કરાવ્યો હતો. વિદ્યાર્થી દિવ્યને રકમ જમા કરાવવા માટેની પ્રેરણા માતા વર્ષાબેન અને ટયુટર જયશ્રીબેન તરફથી મળી હતી.

# ટ્રેન નીચે પડતું મૂકી મહિલા તબીબનો આપઘાતનો પ્રયાસ

મોડાસા, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં મોડાસાના રેલવે સ્ટેશને એક તબીબ મહિલાએ ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યાની કોશિષ કરતાં તેણીના ડાબા હાથની આંગળીઓના ટુકડા થઈ ગયા હતા. અને હાથથી આંગળીઓ અલગ થઈ ટૂકડા બાજુમાં પડ્યા હતા. ૧૦૮ ઈમરજન્સી સેવામાં તેણીને તાત્કાલિક મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાં પ્રાથમિક સારવાર પછી હાથની આંગળીઓ પુનઃ જોડવા માટે આ મહિલા તબીબને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલે ખસેડાઈ હતી.

મોડાસામાં બાળકોની એક ખાનગી હોસ્પિટલમાં તબીબ ડો. હેતલબેન સમીરભાઈ પટેલ (ઉ.વ. ૨૬) એ ગત રાત્રે આશરે દસેક વાગ્યાના સુમારે જ્યારે નડીયાદ કપડવંજ ટ્રેન મોડાસાના રેલવે સ્ટેશને આવી પહોંચી હતી. તે વેળાએ જ એ ટ્રેન હેઠળ પડતુ મૂકતા ડાબા હાથની આંગળીઓના ટુકડા થઈ ગયા હતા.

## શબ્દાવલી - ૫૦૧૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ■ | ૪ |
| | ■ | | ■ | ■ | ૫ | ૬ | |
| ૭ | ૮ | | | ૯ | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | |
| ૧૪ | ■ | ■ | ૧૫ | | | ■ | ■ |
| ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | ૨૦ | ૨૧ | ૨૨ | | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. સ્થિર ના હોય તેવું, ઢચુપચુ (૬)
૫. ઈચ્છા, આકાંક્ષા (૩)
૭. પેરાલીસીસનો હુમલો આવ્યો હોય તે (૫)
૧૦. બરફ, ઠંડી (૨)
૧૧. ઘણું, ખૂબ (૨)
૧૨. વકીલ કેસની પેરવી કરવા... કરે (૪)
૧૫. દિવો, ફાનુસ (૩)
૧૬. અખતરો, .... કરવો (૩)
૧૮. દાખલો, નમૂનો, ... આપવી (૩)
૨૦. એકદમ ભીનુભચ (૪)
૨૩. પ્રયત્ન (૨)
૨૪. સાકરના ટૂકડાનો એક પ્રકાર, ... સાકર (૨)
૨૫. કોલસા-હીરા વગેરેની ... હોય (૨)

### ઊભી ચાવી

૧. મદદ માટેની બૂમ (૩)
૨. સંકોચ, મન થોડું કચકચ થવું (૪)
૩. 'કાક' શબ્દ ઊંધો (૨)
૪. સાચવીને રાખવું, થાપણ (૪)
૬. સ્ત્રી, ઔરત (૩)
૮. કૌશલ્ય, કળા (૨)
૯. સ્તોત્ર, પ્રાર્થના (૩)
૧૩. સૂકી દ્રાક્ષ (૪)
૧૪. ધર્મ, એક ધાર્મિક વર્તુળ (૪)
૧૭. ગરોળીની અધાર (૨)
૧૯. એક કંદ (૩)
૨૧. શાંતિ, સુખ (૨)
૨૨. તેલ બનાવવાની નાની પડીકી (૨)

### શબ્દાવલી ૫૦૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુખદાયી (૩) આદત (૬) ધામ (૭) ધારણા (૮) મિથ્યાચાર (૧૦) વિષ્ટા (૧૨) વેરાન (૧૩) કીલકારી (૧૫) લટ (૧૭) બાજ (૧૮) ભગવા (૨૧) નિર્દય (૨૨) સગપણ

**ઊભી ચાવી :-** (૧) સુધારો (૨) ખમ (૩) આધાર (૪) દર (૫) તણાવ (૮) ટકા (૧૨) વેલ (૧૪) લગભગ (૧૬) લાજ (૧૭) બાય (૧૯) ગપ (૨૦) વાણ

# અકસ્માતના કેસમાં ટ્રક-ડ્રાઇવરને ત્રણ વર્ષની કેદ

પાલનપુર, તા. ૨૦

પાલનપુર તાલુકાના આકેસણ ગામ નજીક બે વર્ષ પહેલા હરીઆશ્રમ રોડ પર ટ્રક ચાલકે પૂરઝડપે હંકારી સ્કુટર સવારોને અડફેટમાં લેતા જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયું હતું જ્યારે અન્ય વ્યક્તિ ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે દાખલ કરાયેલો જેની ફરિયાદ પાલનપુર તાલુકા પોલીસે થતા જે કેસ ત્રીજા એડીશનલ ચીફ કોર્ટ ચાલી જતાં ટ્રક ચાલકને ત્રણ વર્ષની કેદ પાંચ હજાર દંડ ફટકાર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે આકેસણ ગામ હરીઆશ્રમ પાસે રોડ ઉપર આરોપી સોમાજી મેગાજી ઠાકોરને રહે. ગંગવા તા. દાંતાવાળાએ પોતાની ટ્રક નં. જીજે-૨ યુ-૮૩૧૦ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એટરન્ સ્કુટર નં. જીજે-૮ એલ-૨૪૪૯ ને ટક્કર મારી અકસ્માત કરતા સ્કુટર ચાલક પ્રવિણભાઈ બેચરભાઈ પટેલ રહે. સાગ્રાસણાવાળા ટ્રકના ટાયર નીચે આવી જતાં ગંભીર ઈજાઓ થયેલી અને મરણ થયેલ તેમજ સ્કુટરના પાછળ બેઠેલા સાહેદ હીરાભાઈ રાયચંદભાઈ જગાણીયાને હાથે અને પાંસળીઓમાં ફેકચર થયેલું. આ બાબતે પાલનપુર પો. સ્ટેશનમાં અકસ્માતની ફરિયાદ નોંધાવેલી જે કેસ ત્રીજા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ વી. કે પાઠકની કોર્ટમાં ચાલી જતા પુરાવા તેમજ સરકારી વકીલ કે. સી. બારોટની ધારદાર દલીલો ધ્યાને લઈ આરોપીને ઈ.પી.કલમ ૨૩૯,૩૩૭,૩૩૮,૩૦૪ મુજબ ગુના તકસીરવાર ઠરાવી આરોપી સોનાજી ઠાકોરને ત્રણ વર્ષની કેદ અને ૫ હજાર રૂપિયા દંડ ફટકારેલ છે. દંડ ન ભરે તો વધુ ૫ માસ ૧૫ દિવસની સજા ભોગવવાની રહેશે.

## શું કરવું તે તમારે... ● છેલ્લા પાનાનું ચાલુ

આ સાંભળીને અધ્યક્ષે તરત જ આરોગ્ય મંત્રીને રોકડું પરખાવ્યું. મારે શું કરવાનું એ તમારે નક્કી કરવાનું નથી. તમારી દરખાસ્ત જ એવી હતી કે જે હવે ટકી શકે તેમ નથી. એકવાર નિર્ણય લેવાયા બાદ હવે કાંઈ કરવાનું રહેતું નથી.

આ અગાઉ રાજયકક્ષાના મંત્રી -દિપસિંહ જાડેજાએ આરોગ્યમંત્રીની દરખાસ્ત ઉડી ગઈ છે એવું લાગતાં વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરવા માટે અધ્યક્ષને એમ કહ્યું કે -શ્રોતરી પછી હવે હું બીજી દરખાસ્ત રજૂ કરૂ છું અને ગૃહના અવમાન બદલ વિપક્ષને સસ્પેન્ડ કરવા જોઈએ. અધ્યક્ષે તેમને પણ કહી દીધું કે એક જ મુદ્દા માટે બે વાર દરખાસ્ત મુકી શકાય નહીં. આમ, વિપક્ષને સસ્પેન્ડ કરવાની સત્તાપક્ષની બે-બે દરખાસ્તોનો અધ્યક્ષે પક્ષા-પક્ષીથી ઉપર ઉઠીને તટસ્થ વલણ અપનાવ્યું હતું અને પોતે સત્તાપક્ષના હોવા છતાં સત્તાપક્ષની કોઈપણ -કારની શેહ-શરમમાં આવવાને બદલે વિધાનસભાના નિયમોને વળગી રહેવાનું પસંદ કર્યુ હતું. અધ્યક્ષના આવા કડક વલણથી સત્તાપક્ષને જો કે આંચકો લાગ્યો હતો અને વિપક્ષને સસ્પેન્ડ કરવાની સત્તાપક્ષની ઈચ્છા મનમાં જ રહી ગઈ હતી.

દરમિયાનમાં સભાગૃહની બહાર રાજકીય એવી ચર્ચા ચાલતી હતી કે અધ્યક્ષ વજુભાઈ વાળાએ સરસ નિર્ણય આપ્યો છે અને અધ્યક્ષ આવા જ હોવા જોઈએ એવુ પણ તેમણે પૂરવાર કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ અધ્યક્ષે સત્તાપક્ષ ભાજપના સભ્યો દ્વારા -શ્રોતરી દરમિયાન સરકારની કરાતી -શંસા કે અન્ય -સ્તાવના ઉપર રોક લગાવી દીધી છે. આજે પણ તેમણે બે-બે દરખાસ્તો નકારી કાઢયા બાદ ચર્ચા શરૂ થાય તે પહેલાં તમામ સભ્યોને ચેતવણી આપી હતી કે ચર્ચા વખતે કોઈપણ -કારની કોમેન્ટ કરવી નહીં. જો કોમેન્ટ કરવી હોય તો પરિણામ ભોગવવાની તૈયારી સાથે કોમેન્ટ કરજો. આ ઉપરાંત તેમણે તમામ સભ્યોને તેમની બેઠક જાળવી રાખવા અને ગૃહની અંદર કયાંય પણ આડા-અવળા ફરવા પર રોક લગાવી દીધી હતી.

## સફાઈના મુદ્દે... (પાના નં. ૧ નું ચાલુ)

તેમના આ આક્ષેપને મામલે સભાના માહોલ ગરમાઈ જવા પામ્યો હતો. પરંતુ મેયરશ્રી રાણાએ પરિસ્થિતિનું નિયંત્રણ કરવા માટે સભા સમાપ્તીનું શસ્ત્ર ઉગામી દીધુ હતુ.

આજની સામાન્ય સભામાં ભાજપના શ્રી કાર્તિક પટેલે સભ્યોને વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની મુદતમાં વધારો કરવા અથવા તો ગ્રાન્ટ આગળના વર્ષમાં સભ્યને જમા આપવા રજુઆત કરી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે ગ્રાન્ટ આગળના વર્ષમાં ચાલુ રાખી શકાય નહિ. આ અંગેની કોઈ જોગવાઈ નથી પરંતુ ૩૧મી માર્ચના બપોરના ૧૨.૩૦ સુધી મળેલ દરખાસ્તોને મંજૂરી મળી જાય તે રીતે કામગીરી ગોઠવાય તે જરૂર જોવાશે. કદાચ એકાદ-બે કિસ્સામાં તકનીકી જરૂરિયાત જણાશે તો તે મંજૂરી માટે બે દિવસ સુધી હિસાબ ખુલ્લો રાખી શકાશે.

આ બેઠકમાં સભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં શહેરમાં સમાવિષ્ટગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાં પાણીના સ્ટેન્ડ બનાવાવની જોગવાઈ ઉમેરવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત કોંગીના શ્રી હસમુખ મકવાણાએ કરી હતી. જેના પ્રત્યુત્તરમાં મેયર શ્રી રાણાએ જણાવ્યું હતું કે પાણી વિતરણ વ્યવસ્થા હાલ આપણી પાસે નથી તેથી આ મુદ્દો હાલ વિચારવા યોગ્ય નથી જણાતો. જો કે શ્રી ચિમન વિંઝુડા તથા શ્રી જિતુ રાયકાએ શ્રી હસમુખ મકવાણાનું સમર્થન કરતાં જણાવ્યું હતું કે સ્લમ એરિયામાં પણ આવા સ્ટેન્ડો બનાવવા જરૂરી છે તેથી વિચારણા કરવી જ જોઈએ.

આ બેઠકમાં કોંગીના શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ ગ્રામ્ય વિસ્તારના રિસર્વેની માંગને દોહરાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં તલાટી-પાલિકા પર અને પાલિકા તલાટી પર મામલો નાંખવાની નીતિ યોગ્ય નથી.

આ મુદ્દે કમિશનરશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે અમારી તપાસમાં કેટલીક બાબતોમાં જે ખરાઈ કરવા જેવી હતી તે કરી દેવામાં આવી છે તેમજ જે કંઈ બાકી હશે તે પણ સત્વરે પૂર્ણ કરી દેવામાં આવશે.

આજની બેઠકમાં કર્મચારીઓ માટે શિસ્તના નિયમોને બહાલી આપવામાં આવી હતી.

**ટચૂકડી જાહેર ખબર**

**વાઘેલા ક્લિનીંગ**

સોફા સેટ, ચૈર શૈમ્પુ, મોડ્યુલર હોમ ઓફીસ, કિંચન, ટોયલેટ, બાથરૂમ ક્લિનીંગ નાની ડ્રેનેજ લાઈન ક્લીન કરવા માટે મળો.

**સંપર્ક**

૯૮૨૪૯૫૯૦૧૫